# કુતરા, વાંદરા અને સાપનો ગાંધીનગરમાં ભયંકર ત્રાસ

## વાંદરાઓએ વાહનો તોડીને, કુતરાઓએ રાત્રે ઉંઘ હરામ કરીને અને વરસાદી પાણી ભરાતા બહાર આવી ગયેલા સાપે નગરજનોને પરેશાન કરી મુકયા છે

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગરમાં રખડતા ઢોરોમાં ગાય-ભેંસોનો ત્રાસ તો હવે સામાન્ય થઈ ગયો છે. કદાચ પાટનગરવાસીઓ હવે તેમનાથી ટેવાઈ પણ ગયા છે પરંતુ હવે તો રાત્રી દરમ્યાન કુતરાઓના સતત ભસવાના અવાજ, આમથી તેમ છલાંગો મારીને પાર્ક કરેલા વાહનોમાં તોડફોડ કરતા વાંદરાઓ અને વરસાદી પાણી ભરાઈ જવાથી સાપના દરમાં પણ પાણી ભરાઈ જતા સાપ ઠેર-ઠેર બહાર નીકળી આવતા ગાંધીનગરવાસીઓ સતત ભય અનુભવી રહ્યા છે અને કુતરા, વાંદરા અને સાપનો ત્રાસ ગાંધીનગરમાં ધીમે ધીમે ભયંકર રીતે વધી રહ્યો છે.

ગાંધીનગરમાં કુતરાઓનો ત્રાસ રાત્રીના સમયે વધી ગયો હોવાની ખુબ ફરીયાદ ઉઠવા પામી છે. પાટનગરવાસીઓની ઉંઘ હરામ કરી દીધી છે. એક ચોકમાંથી બીજા ચોકમાં કુતરાઓ જોર-જોરથી ભસીને ત્રાસ વર્તાવી રહ્યા છે તે ઉપરાંત દિવસે કોઈ કોઈ ઠેકાણે કરડવાના કિસ્સા બે-ચાર દિવસે તો બનતા જ રહે છે. તે ઉપરાંતવાંદરાઓ કોઈને પણ પકડીને બચકાં ભરવા લાગે છે. અવરજવર કરતાં વાહનો પર છલાંગ લગાવીને ગમે ત્યારે અકસ્માત સર્જી મુકે છે અને પાર્ક કરેલા વાહનો પર કુદકા મારીને તોડફોડ કરી નુકશાન પહોંચાડે છે. આ તમામ ફરીયાદો હોવા છતાં તંત્ર દ્વારા કોઈ યોગ્ય પગલા લેવાતા નથી. તો બીજી તરફ હવે છાશવારે ઘર આંગણે અવર-જવર કરતાં દેખાઈ જતા સાપથી પણ નગરજનો ભયભીત થઈ ગયા છે. દરમાં પાણી ભરાઈ જવાથી સાપ બહાર નિકળી જતાં હોવાથી હવે સર્પદંશના કિસ્સાઓ પણ વધવા લાગ્યા છે.

# સેકટરોની આંતરિક માર્ગની લાઈટો બંધ રહેતા લોકોમાં રોષ

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર શહેરના સેક્ટરોના આંતરિક માર્ગોની લાઈટો બંધ હોવાથી લોકોને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડે છે. ચોમાસાની સિઝન હોવાથી રાતના સુમારે અંધકાર હોવાથી નાના મોટા અકસ્માતો સર્જાય છે. તેમજ ચોર ઈસમોનો ભય પણ સેક્ટરવાસીઓમાં જોવા મળી રહ્યો છે. તંત્ર દ્વારા સેક્ટરોની આંતરિક માર્ગની લાઈટો સત્વરે ચાલુ કરવામાં આવે તેવી શહેરીજનોની માંગણી અને લાગણી છે.

શહેરના સેક્ટરોની આંતરિક માર્ગની લાઈટો છેલ્લા બે ત્રણ દિવસથી બંધ રહેવા પામી છે. વરસાદની સિઝનમાં લાઈટો બંધ રહેતા કાદવ-કીચડના કારણે સિનિયર-સિટીજનોને ચાલવામાં તકલીફ પડી રહી છે તેમજ રાત્રીના સમયે અંધારામાં રોડ પર ગાયો પણ કબ્જો જમાવીને બેસી રહેતા નાના મોટા અકસ્માત સર્જાય છે. અસામાજીક તત્વો અને ચોર ઈસમોનો ભય પણ રહેવા પામ્યો છે. શોપિંગમાં ચીજવસ્તુ લેવા જવા માટે પણ પારાવાર મુશ્કેલી વેઠવી પડે છે. રાત્રીના સમયે બંધ રહેતી સેક્ટરોની આંતરીક માર્ગની લાઈટો સત્વરે ચાલુ કરવામાં આવે તેમ શહેરીજનો ઈચ્છી રહ્યા છે.



(તસવીર : કશ્યપ નિમાવત)

સેક્ટર-૨૨માં આવેલ કોમ્પ્લેક્ષ (ઘ-૫ થી ૧૭/૨૨ વચ્ચે)માં વાહન પાર્કિંગની અપૂરતી વ્યવસ્થાને કારણે વાહનો રસ્તા પર જ પાર્ક કરવામાં આવતા હોવાથી વારંવાર ટ્રાફિકની સમસ્યા સર્જાય છે.

# રૂપાલ વરદાયીની માતાજીના મંદિર પાછળથી ત્રણ જુગારી પકડાયા

## રૂ. ૧૧,૪૦૦ના મુદ્દામાલ સાથે ત્રણેય શખ્સોની ધરપકડ

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર રૂપાલ ગામનાંપ્રખ્યાત વરદાયીની માતાજીના મંદિરની પાછળના ભાગે એક ગલ્લા પાસે બેસીને જુગાર રમાઈ રહ્યો હોવાની બાતમી પેથાપુર પીએસઆઈને મળતા આજે સવારે ૧૧ વાગ્યાના અરસામાં દરોડો પાડીને ત્રણ જુગારીઓને રૂ. ૧૧,૪૦૦ના મુદ્દામાલ સાથે ઝડપી પાડીને ત્રણેયની ધરપકડ કરી લીધી છે.

રૂપાલ ગામનાં વરદાયીની માતાજીના સુપ્રસિધ્ધ મંદિરની પાછળ એક ગલ્લા જોડે ત્રણ જુગારીઓ બાજી માંડીને બેઠા હોવાની બાતમી સિનિ. પી.એસ.આઈ. એસ.જે. વાઘેલાને મળતા તેમની ટીમ સાથે બાતમીવાળા સ્થળે પહોંચી ગયા હતાં. પેથાપુર પોલીસની ટીમે દરોડો પાડીને ત્રણેય જુગારીઓને પકડી પાડયા હતાં. રૂપાલ ગામમાં રહેતા રાકેશ અમૃતભાઈ પટેલ, હિતેશ દિલીપભાઈ ત્રિવેદી અને દર્શન વિષ્ણુભાઈ પટેલ મળીને ત્રણેય શખ્સોની ધરપકડ કરી રૂ. ૨ હજારની કિંમતના બે મોબાઈલ અને રૂ. ૯૪૦૦ રોકડા મળીને કુલ રૂ. ૧૧,૪૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.



વોર્ડ નં. ૨ના યુવા કાઉન્સિલર હર્ષજિત પંડ્યા દ્વારા સેક્ટર-૨૮, સેક્ટર-૨૯માં સોલાર લાઈટોના કામ સૂચવ્યા હતા. જે કામો કોર્પોરેશન દ્વારા હાથ ધરવામાં આવ્યા છે. આ બે સેક્ટરોના જાહેર સ્થળો પર તાકીદે સોલાર લાઈટો મુકવા માટે શ્રી પંડ્યાએ રાજહઠ પણ કરી હતી, જે ઉલ્લેખનીય છે.

## આજે લઘુરૂદ્રનું આયોજન

ગાંધીનગર, તા. ૧૦

રૂદ્રાભિષેક મંડળના સભ્ય ઘનશ્યામભાઈ વ્યાસના ઉપક્રમે આજે તા. ૧૧મી ઓગષ્ટ-૨૦૧૩ને રવિવારે સેક્ટર-૨૧ ખાતેના વૈજનાથ મહાદેવ મંદિરે સાંજે ૪.૩૦ કલાકે લઘુરૂદ્રનું આયોજન કરવામાં આવ્યું છે. સર્વે સભ્યોને લઘુરૂદ્રનો લાભ લેવા ખાસ જણાવાયું છે.

## નગરમાં શિવકથા અને સુંદરકાંડના પાઠનું આયોજન

શ્રી વૈજનાથ મહાદેવ મંદિરનાં પાટોત્સવ નિમિત્તે હનુમાન મંદિર, સેક્ટર-૨૬, ગ્રીનસીટી ગાંધીનગર ખાતે સમગ્ર ગ્રીનસીટી વસાહત દ્વારા પાટોત્સવ-યજ્ઞ શિવકથા અને સુંદરકાંડનું આયોજન થઈ રહ્યું છે. સંજયભારતી ગોસ્વામીની વ્યાસપીઠે ૧૪મી ઓગષ્ટ-૨૦૧૩ થી ૨૨મી ઓગષ્ટ દરમિયાન બપોરે ૩ કલાકે શિવકથા યોજાશે. જે અંતર્ગત ૧૮મી ઓગષ્ટે સવારે યજ્ઞ અને પાટોત્સવ મહોત્સવ યોજાશે. તેમજ રાત્રે સુંદરકાંડના પાઠ, સત્સંગ, ભજન-ડાયરો પણ યોજાશે. જેનો ભક્તજનો લાભ લઈ શકશે.

# શાક માર્કેટમાં ગંદકી અને ગટરમાંથી પાણી ઉભરાવવાના બનાવ સામાન્ય થયા

ગાંધીનગર, તા.૧૦

સેકટર-૨૧ ગાંધીનગર ખાતે આવેલ શહેરના સૌથી મોટા શાક માર્કેટમાં ગંદકી તો સામાન્ય બાબત થઈ ગઈ છે પરંતુ ચોમાસાની સીઝનમાં ચાલુ વરસાદે પાણી ભરાવવાના બનાવ બનવા લાગ્યા છે.

સે-૨૧ એટલે ગાંધીનગરમાં શોપીંગ વિસ્તાર કહી શકાય. સમગ્ર ગાંધીનગરમાં જે કોઈપણ વસ્તુ કોઈ સેકટરમાં ન મળે તો સે-૨૧ શોપીંગમાં મળતી હોય છે. આજ જગ્યા ઉપર શાક માર્કેટ પણ આવેલ છે પરંતુ આ માર્કેટમાં ગંદકી જોવા મળે છે અને તેમાંય ચોમાસાની સિઝનમાં ચાલુ વરસાદમાં માર્કેટની અંદરની બાજુમાં પાણી ભરાવાના બનાવો હવે તો સામાન્ય બન્યા છે. આનું મુખ્યકારણ છે કે જે શાકભાજીનો વેસ્ટ માલ નિકળે તેનો યોગ્ય જગ્યાએ નિકાલ ના કરાતા ત્યાંની અંદરની ગટરમાં જ આ વેસ્ટ નાંખતા તે ચોકઅપ થઈ જતા પાણી ભરાવાના બનાવ સામાન્ય બનતા જાય છે. પાણી ભરાવાના કારણે શાકભાજી લેવા આવનાર ગ્રાહકોને ખુબ જ તકલીફ પડતી હોય છે. તંત્ર આ મામલે ઉદાસીનતા સેવી રહ્યું છે અને પ્રજાજનો ગંદકીમાં પગ મુકી પોતાના શરીર માટે પૌષ્ટિક શાકભાજી ખરીદી રહ્યા છે. આ ગંદકીને અવગણીને પણ શાકભાજી ખરીદવા મજબુર થઈ રહ્યા છે. તંત્ર આ મામલે યોગ્ય કાર્યવાહી કરે તેવી માંગ આવનાર ગ્રાહકોના મુખે ચર્ચાઈ રહી છે.



(તસવીર : કશ્યપ નિમાવત)

ગાંધીનગરની કચરા પેટીઓ જાણે ગાયને કચરો ખાવા જ બનાવી હોય તેવું લાગે છે. આમ તો ગાયને 'મા' અને 'કામધેનુ'ની ઉપમા આપવામાં આવે છે, છતાં ઠેર ઠેર આવા દશ્યો જ જોવા મળે છે.

# પાટણ સહસ્ત્રલીંગ તળાવથી નીકળેલી બાવન ગજની ધજા રવિવારે ચિત્રકુટ પહોંચશે

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર નજીક આવેલ રાયસણ ગામના ભુવાજી ઈશ્વરભાઈ દેસાઈ (રાયસણવાળા) દ્વારા નીકળેલ બાવન ગજની ધજા જે પાટણ સહસ્ત્રલીંગ તળાવથી નીકળી ચિત્રકુટ (અયોધ્યા) કાશી વિશ્વનાથ પગપાળા જવા નીકળ્યા છે.

પાટણથી અંદાજે ૧૧૦૦ કિ.મી.નું અંતર માત્ર ૨૮ દિવસમાં પગપાળા કાપીને બાવન ગજની ધજા ગાંધીનગર-અમદાવાદ થઈ સર્વે ભાવિભક્તો સાથે તા. ૧૧ ઓગષ્ટ-૨૦૧૩ને રવિવારના રોજ ચિત્રકુટ ખાતે પહોંચશે. રબારી સમાજના ધર્મધુરંધર ૧૦૦૮ પ.પૂજ્ય શ્રી બળદેવગીરી બાપુ (વાળીનાથ અખાડા) આજરોજ વિમાન માર્ગે દિલ્હી-અલ્હાબાદ થઈ ચિત્રકુજ જશે. અને તેમની સાથે ભુવાઓ અને સંતો-મહંતો રવિવારે સવારે ચિત્રકુટ ખાતે પહોંચશે અને રવિવારે સવારે ૯.૧૫ કલાકે ધજાનું પૂજન કરવામાં આવશે.

## ગણપતિની મહાકાય મૂર્તિ સ્થાપિત થશે

# સિદ્ધિ વિનાયક મંદિરની પ્રતિકૃતિ મહેમદાવાદમાં

અમદાવાદ, તા.૧૦

પ્રખ્યાત સિદ્ધિ વિનાયક મંદિરના શ્રદ્ધાળુઓને આબેહુબ તેવું જ મંદિર, તેવી જ મૂર્તિ હવે મહેમદાવાદ ખાતે બની રહેલા ગણપતિના સિદ્ધિ વિનાયક દેવસ્થાન મંદિરમાં પ્રાપ્ત થશે. મહેમદાવાદ ખાતે વાત્રક નદીના કાંઠે અદભૂત પ્રાકૃતિક સૌદર્યની વચ્ચે ૭૩ ફુટ ઉંચી પર્વતોની અંદર ગણપતિ ભગવાનની મૂર્તિની સ્થાપના કરવામાં આવશે. જેમાં મંદિરના બહારની ભાગમાં ભગવાનની સૂંઢનું શિલ્પ હશે જે ભગવાનની મૂર્તિથી અલગ હશે. મૂર્તિમાં તો સૂંઢ સહિતના સંપૂર્ણ અંગો, આભુષણો હશે. આ ઉપરાંત ભક્તોની ભીડ ન થાય તે માટે બે દ્વાર બનાવવામાં આવ્યા છે. આ ઉપરાંત મંદિરના પરિસરમાં બે માર્ગ બનાવાયા છે. વચ્ચે બગીચો અને શંકર ભગવાનની કૃતિ દેખાય તે રીતનું શિલ્પ અને ફુવારાઓ મુકવામાં આવ્યા છે.

આ મંદિરની વિશેષતા એ છે કે ભગવાન ગણપતિ દાદાનો જ્યા વાસ હોય છે તે અપ્રાપ્ય સફેદ આંકડા અહી ઉઠેલા છે. ભગવાનને ખીલેલું તાજુ ફુલ ધરાવી શકાય તે માટે જાસૂદના છોડ વાવવામાં આવશે. આ ઉપરાંત રૂદ્રાક્ષ, નાળીયેરી સહિત ઔષધીય વૃક્ષો વાવામાં આવ્યા છે. પાર્કિંગની વ્યવસ્થા અલાયદી કરવામાં આવી છે. જેમાં ૫૦ બસ, ૫૦૦ ગાડીઓ રહી શકે તે રીતે અલગ વ્યવસ્થા શ્રદ્ધાળુઓને રહેવા માટે ગેસ્ટ હાઉસ જેમાં પ્રાણાયામ ધ્યાન માટે અલાયદી વ્યવસ્થા હશે.

# શહેરનું સ્વર્ણિમ પાર્ક યુવાનોનુ પીકનીક સ્પોટ બન્યું


ગાંધીનગર, તા. ૧૦

રીમ-ઝીમ કે ગીત સાવન ગાયે ભીગી ભીગી શામો મે... ગાંધીનગર શહેરનું સ્વર્ણિમ પાર્ક હાલ યુવાનોને ભીંજવવા માટેનું પીકનીક સ્થળ બની રહ્યું છે. અહી યુવા હૈયાઓ પલળવા નહી ભીંજાવવા ઉમટી રહ્યા છે અને ઝરમર વરસાદનો આનંદ લુંટી રહ્યા છે.

### સાથે સાથે નાસ્તા પાણીની મજા માણતા નજરે પડે છે

વરસાદી માહોલમાં ગાંધીનગરના મધ્યમાં આવેલા સ્વર્ણિમ પાર્કમાં રોજ વહેલી સવારથી જ અમદાવાદના જીજે-૧ સીરીઝના વાહનો વધુ પડતા નજરે પડી રહ્યા છે.

ગાંધીનગર શહેરના મધ્યમાં વિધાનસભાની સામેથી મહાત્મા મંદિર સુધીનો સ્વર્ણિમ પાર્ક હાલ સોળે કળાએ લીલોતરીથી ખીલી ઉઠ્યો છે અને યુવાનો આકર્ષિત થઈ રહ્યા છે. નગરની આસપાસની કોલેજો તેમજ ગાંધીનગરની આસપાસ અમદાવાદ, કલોલ, ચિલોડા સહિતના વિસ્તારોના યુવાનો વરસાદમાં પોતાના યુવાન સાથે મિત્રો સાથે પલળવા નહી પરંતુ ભીંજાવવા માટે આવે છે અને કલાકો આવે છે. માર્ગોની આસપાસ અમદાવાદના પાસિંગવાળી ગાડીઓ અને દ્વિચક્રી વાહનો વિપુલ પ્રમાણમાં નજરે પડે છે. ધીમે ધીમે સ્વર્ણિમ પાર્ક પીકિનીક સ્થળ બનતુ જાય છે. તો તેની સાથે સાથે નાના વેપારીઓ પણ પાન મસાલાના ગલ્લા, મકાઈની લારીઓ અને ખાણીપીણી લારીઓનો પણ જમાવડો થઈ રહ્યો છે. ત્યારે મોડી સાંજ ઢળતા અહીં ઘ-૪ સર્કલની પાસે પણ નગરજનો ઉમટી પડતા હોય છે અને કલાકો સુધી ઉનાળાની જેમ જ ઝરમરમીયા વરસાદની મજા માળે છે.



# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૧૯

સૂર્યાસ્ત : ૭.૧૦

## તાપમાન

મહત્તમ : ૨૮.૦ ડિ.સે.

લઘુત્તમ : ૨૫.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૯૨ ટકા ● સાંજે ૧૦૦ ટકા

વરસાદ ૮.૫ મી.મી.

## મનોરંજન

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :

ચેન્નાઈ એક્ષપ્રેસ : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૨ :

ચેન્નાઈ એક્ષપ્રેસ : ૮.૪૫, ૧૧.૪૫, ૨.૪૫, ૫.૪૫, ૮.૪૫

: સ્ક્રીન-૩ :

ચેન્નાઈ એક્ષપ્રેસ : ૯.૩૦, ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

: સ્ક્રીન-૪ :

ચેન્નાઈએક્ષપ્રેસ : ૮.૦૦, ૧૧.૦૦, ૨.૦૦, ૫.૦૦, ૮.૦૦

### સૂર્યા, વાવોલ

ચેન્નાઈ એક્ષપ્રેસ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

મહાવીરાય નમો : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

ચેન્નાઈ એક્ષપ્રેસ : ૧૦.૪૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૪૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૨ :

રમૈયા વસ્તાવૈયા : ૧૦.૧૫, ૧.૪૫, ૮.૦૦

બી.એ. પાસ : ૫.૦૦

ચેન્નાઈ એક્ષપ્રેસ : ૧૧.૦૦

: સ્ક્રીન-૩ :

ચેન્નાઈ એક્ષપ્રેસ : ૧૧.૦૦, ૨.૦૦, ૭.૧૫, ૧૦.૪૫

### ચિરાગ, કલોલ

ચેન્નાઈ એક્ષપ્રેસ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

### ધાર્મિક

- અષાઢ વદ-૧૪ નીમિતે શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી વલ્લભધામ, ચ-રોડ, સેકટર-૨૧ ખાતે આજે સાવન-ભાદો હિંડોળા, ઈન્દ્રમાનભંગ
- શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ સેકટર-૨૩, ગાંધીનગર દ્વારા પવિત્ર શ્રાવણ માસ નિમિતે રાતના ૯.૦૦ કલાકે બીપીનભાઈ જાનીના નિવાસ સ્થાન ૧૧૦/૧, છ- ટાઈપ, સેકટર-૨૩ ખાતે શિવ મહિમ્ન પાઠ અને સ્તૃતિ વંદના.
- શ્રી શિવ-શક્તિ મહિમ્ન સ્ત્રોત મંડળ સેકટર-૨૩, ગાંધીનગર દ્વારા પવિત્ર શ્રાવણ માસ નિમિતે દિલીપભાઈ જાનીના નિવાસ સ્થાન પ્લોટ નં. ૧૫૦/૩, કડી સ્કુલની સામે બી-૧, નવરાત્રી ચોક પાસે શિવ મહિમ્ન પાઠ.
- શ્રીમાળી બ્રાહ્મણ સમાજ, ગાંધીનગર દ્વારા શ્રાવણ માસ નિમિત્તે ચંદ્રકાન્તભાઈ ઓઝાના નિવાસ સ્થાન ૧૩૩૫/૨, સેકટર-૨/બી, ખાતે શિવ મહિમ્ન પાઠ અને ભક્તિ વંદના.
- શ્રાવણ માસ નિમિતે રૂદ્રાભિષેક મંડળ ગાંધીનગર દ્વારા નવનીતભાઈ પાઠકે શ્રી દત્ત મંદિર, સેકટર-૨૮ ખાતે સવારે ૯.૦૦ કલાકે, લઘુરૂદ્ર.
- શ્રાવણ માસ નિમિતે શ્રી રામજી મંદિર, વાવોલ ખાતે મંહત મધુસૂદનદાસજી બાપુના સાંનિધ્યમાં ભાગવત કથા અને શાકભાજીના હિંડોળા

## આપની આજ

**મેષ** : આપનો પ્રબળ આત્મવિશ્વાસ અને દ્દઢ નિશ્ચયથી મુશ્કેલ કાર્યોનો ઉકેલ મેળવી શકાય છે. કૌટુંબિક જીવનમાં તમાવ રહેવાની સંભાવના છે. ધાર્મિક સત્સંગ થઈ શકશે.

**વૃષભ** : આર્થિક સ્ત્રોતમાં વૃદ્ધિના કાર્ય થશે. જમીનના વ્યવસાય સાથે સંકળાયેલા માટે આજનો દિવસ શુભ બની રહેશે. જૂના કાર્યોનું પરિણામ મળશે.

**મિથુન** : આધ્યાત્મિક વ્યક્તિત્વના જાતકો માટે માન- સન્માન, લોકપ્રિયતામાં વૃદ્ધિના કાર્યો થઈ શકશે. વરિષ્ઠ ગુરુઓની કૃપા પ્રાપ્ત થશે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે.

**કર્ક** : પ્રયત્નોમાં સફળતા પ્રાપ્ત થશે. આપને કર્મક્ષેત્રમાં ગહન શોધ વગેરેના કાર્યો થવાની શકયતાઓ છે. આર્થિક ક્ષેત્રમાં લંબિત પ્રકરણોમાં સમય પસાર થઈ શકે છે.

**સિંહ** : ધર્મ આધ્યાત્મ, જ્ઞાન વૃદ્ધિના કાર્યોમાં સમય પસાર થઈ શકે છે. કાર્યમાં સમયને મહત્વ ન આપવાને કારણે માનસિક કલેશનો યોગ બનશે. મતભેદોથી દૂર રહીને શાંતિપૂર્ણ રીતે કાર્ય કરવું.

**કન્યા** : ઉચ્ચસ્તરીય ધાર્મિક કાર્યોનું આયોજન થઈ શકશે. પવિત્ર ધાર્મિક સ્થળોની યાત્રા-પ્રવાસનું આયોજન થશે. ઘરમાં મહેમાનનું આગમન થઈ શકે છે.

**તુલા** : સામાજિક ક્ષેત્રોમાં, જ્ઞાન વર્ધક કાર્યોમાં ઉપસ્થિત રહેવું પડે તેવી પરીસ્થિતિ ઉભી થઈ શકે છે. મિત્રો તથા સગા-સ્નેહીજનો સાથે મુલાકાત થઈ શકશે.

**વૃશ્ચિક** : ખાસ મહત્વનાં આર્થિક કાર્યોમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાની સંભાવાનાઓ બની રહી છે. કુટુંબમાં સારું વાતાવરણ મનને પ્રસન્નતા આપશે. ગહન સંશોધન સંબંધી કાર્ય થશે.

**ધન** : સામાજિ કાર્યોમાં સન્માન પ્રાપ્ત થશે. નોકરીની સ્થિતિ મજબૂત રહેશે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. અપરણિતો માટે લગ્નના માંગા આવી શકે છે.

**મકર** : શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોમાં સંબંધીમાં ચિંતન થઈ શકશે. ધાર્મિક કાર્યોમાં વધુ સમય પસાર થશે. કુટુંબનો સાથ સહકાર મળી રહેશે.

**કુંભ** : કર્મક્ષેત્રમાં સફળતા પ્રાપ્તિનો યોગ. ધાર્મિક કાર્યોમાં મન લાગશે. શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી યોગ્ય રહેશે.

**મીન** : જ્ઞાન, ગહન શોધ તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં સફળતા પૂર્વક પાર પડી શકશે. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. કૌટુંબિક પ્રશ્નોનું નિરાકરણ આવી શકે છે.

## ચિરવિદાય

- સ્વ. નટવરસિંહ જવાનસિંહ ચાવડા (ઉ.વ.૬૫) મુ.પો. લાકરોડ, તા.માણસા, જિ. ગાંધીનગર
- સ્વ. વખાજી સોમાજી ઠાકોર (ઉ.વ.૬૬) મુ.પો. શિહોલી મોટી, તા., જિ. ગાંધીનગર
- સ્વ. ચંપાબેન મંગાજી ઠાકોર (ઉ.વ.૭૫) મુ.પો. સોનીપુર, તા., જિ. ગાંધીનગર
- સ્વ. કાનજીભાઈ દાનાભાઈ પુરબીયા (ઉ.વ.૪૭) જી.ઈ.બી. કોલોજનીના બાજુના છાપરાં, ગાંધીનગર
- સ્વ. જડીબેન ડાહ્યાભાઈ પરમાર (ઉ.વ.૭૨) મુ.પો. ઈદ્રોંડા, તા., જિ. ગાંધીનગર
- સ્વ. મહેન્દ્રભાઈ વિષ્ણુપ્રસાદ જોશી (ઉ.વ. ૭૦) બ્લોક નં. ૩૩, ડબ્બલ ડેક્કર, સેકટર-૨૪, ગાંધીનગર